ભિલોડાના મહેરબાન એડી.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,
ભિલોડા.જિ.અરવલ્લી

<u>ફોજદારી કેસ નં.૨૦૯/૨૦૨૩</u>
આંક :૨૬

–:: ફોર્મ–એ ::–

| | |
|---|---|
| એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટ, ભિલોડા – અરવલ્લી<br>હુકમની તારીખ:–૦૭/૦૪/૨૦૨૬<br>ફોજદારી કેસ નંબર:–૨૦૯/૨૦૨૩ | |
| પોલીસ સ્ટેશન | ભિલોડા–III ગુ.રજી.નં.૩૫૭/૨૦૧૯ |
| ગુન્હો | પ્રોહીબીશન એકટની કલમ–૬૫,એ,ઈ,૧૧૬(બી), ૯૮(૨),૮૧ મુજબ |
| ફરીયાદી | શ્રી સરકાર |
| ફરીયાદી તર્ફે | વિ.એ.પી.પી.શ્રી.બી.આઈ.મનસુરી |
| –:: વિરૂધ્ધ ::– | |
| આરોપી | (૧) નેમાભાઈ નાથાભાઈ ભરાડા,<br>(૨) દશરથા ચંદુલાલ ગામેતી,<br>રહે.બન્ને કડીયાનાલા, તા.ખેરવાડા. જી. ઉદેપુર (રાજસ્થાન),<br>(૩) નવિનભાઈ હંસાજી ભાટ, ઉ.વ.૨૯,<br>રહે.ભોલેશ્વર ભાટવાસ,તા.હિંમતનગર,જી.સાબરકાંઠા |
| આરોપીઓ તર્ફે | વિ.વકીલશ્રી : આર.એલ.ડામોર |

–:: ફોર્મ–બી ::–

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | તા.૩૦/૧૧/૨૦૧૯ |
| એફ.આઈ.આર.ની તારીખ | તા.૩૦/૧૧/૨૦૧૯ |
| ચાર્જશીટ દાખલ થયા તારીખ | તા.૩૦/૦૧/૨૦૨૩ |
| તહોમતનામું દાખલ થયા તારીખ | તા.૩૦/૦૩/૨૦૨૬ |
| પુરાવો નોંધવાનું શરૂ કર્યા તારીખ | તા.૦૪/૧૧/૨૦૨૫ |
| હુકમ ઉપર લીધેલાની તારીખ | તા.૧૦/૦૩/૨૦૨૬ |

| | |
|---|---|
| હુકમ જાહેર કર્યા તારીખ | તા.૦૭/૦૪/૨૦૨૬ |
| સજાનો હુકમ જાહેર કર્યા તારીખ | – |

–:: આરોપીની વિગત ::–

| | |
|---|---|
| આરોપીનો ક્રમ | (૧) થી (૩) |
| આરોપીનું નામ | (૧) નેમાભાઈ નાથાભાઈ ભરાડા<br>(૨) દશરથા ચંદુલાલ ગામેતી<br>(૩) નવિનભાઈ હંસાજી ભાટ |
| ધરપકડ કર્યા તારીખ | આ.નં.૧,૨, તા.૩૦/૧૧/૨૦૧૯<br>આ.નં.૩, તા.૨૦/૦૩/૨૦૨૦ |
| જામીન મુકત કર્યા તારીખ | આ.નં.૧,૨.તા.૦૩/૧૨/૨૦૧૯<br>આ.નં.૩,તા. ૨૧/૦૩/૨૦૨૦ |
| કયો ગુન્હો નોંધાયેલ | પ્રોહીબીશન એકટની કલમ–૬૫,એ,ઈ, ૧૧૬(બી), ૯૮ (૨),૮૧ મુજબ |
| છોડી મુકેલ કે સજા કરેલ | શંકાનો લાભ આપી છોડી મુકેલ છે. |
| સજા કર્યાની વિગત | – |
| ક્રી.પો.કોડની કલમ ૪૨૮ મુજબ ન્યાયીક કાર્યવાહી દરમીયાન જેલમા રહેલ સમય | – |

–:: ફોર્મ–સી ::–

એ – ફરીયાદપક્ષે તપાસેલ સાહેદોના પુરાવાની યાદી :–

| ક્રમ | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૧. | અ.હે.કો.અનિલકુમાર કમાભાઈ | ફરીયાદી | ૧૪ |
| ૨. | નગજીભાઈ બેચરભાઈ અસારી | પંચ સોહદ | ૧૬ |
| ૩. | ગામેતી ચીરાગભાઈ તુલસીભાઈ | પંચ સાહેદ | ૧૯ |
| ૪. | એ.એસ.આઈ.ચંદુભાઈ ખાતુભાઈ | ત.ક.અ | ૨૦ |

બી– આરોપીપક્ષે તપાસેલ સાહેદોના પુરાવાની યાદી :– સાહેદો તપાસેલ નથી.

સી– અદાલતે તપાસેલ સાહેદોના પુરાવાની યાદી :– સાહેદો તપાસેલ નથી.

એ– ફરીયાદપક્ષ ધ્વારા આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી:–

| ક્રમ | આંક તથા સાહેદ નંબર જેમા દસ્તાવેજ રજુ થયેલ છે. | વર્ણન |
|---|---|---|
| ૧. | ૧૫ (સા.૧) | ફરીયાદ |
| ૨. | ૧૭ (સા.૨) | પંચનામું |
| ૩. | ૨૧ | સુચિપત્ર |

બી– બચાવપક્ષ ધ્વારા આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી:– પુરાવા રજુ નથી.
સી– અદાલત ધ્વારા આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી:– પુરાવા રજુ નથી.
ડી– અદાલત સમક્ષ લેવામા આવેલ તકરારો તથા તેનુ વર્ણન :– નથી.

–:: ઠરાવ ::–

(૧) આ કામમાં ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપીઓએ ગઈ તારીખ.૩૦/૧૧/૨૦૧૯ ના.ક ૧૨/૦૦ વાગે મોજે બુઢેલી પાટીયાકુવા રોડ આ કામના આરોપી દશરથ ચંદુલાલ ગામેતી તથા નેમાભાઇ નાથાભાઈ ભરાડા બન્ને રહે.કડીયાનાલા,તા.ખેરવાડા,જી.ઉદેપુરવાળા એ મોટર સાઈકલ ઉપર ગેર કાયદેસર વગર પાસ પરમીટે પ્લાસ્ટીકના કોથળામા રોમન વોડકા ઓરેન્જ ફલેવર રાજસ્થાન માર્કાની ૭૫૦ એમ.એલની બોટલ નંગ–૧૨ કિ.રૂા.૬૦૦૦/–તથા ગ્રીન લેબન વ્હીસ્કી રાજસ્થાન માર્કાની ૭૫૦ એમ.એલ.ની બોટલ નંગ.૧૨,કિ.રૂા.૬૦૦૦/–ની કુલ મળી બોટલ નંગ–૨૪ કિ.રૂા.૧૨,૦૦૦/– નો મુદામાલ તથા પલ્સર મોટર સાઈકલ જી.જે.૦૮.બીડી.૮૨૨૮ વાળીની કિ.રૂા.૩૦,૦૦૦/– નો મળી કુલ કિ.રૂા.૪૨,૦૦૦/–નો મુદ્દામાલ આરોપી નં.૪ ના ઠેકા ઉપરથી લઇને આરોપી નં.૩ ને પહોચાડવા જતા આરોપી નં.૧,૨ નાઓ મોટર સાઈકલ સાથે પકડાઈ

જઈ ગુન્હો કરી,ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫,એ,ઈ,૧૧૬(બી), ૯૮ (૨),૮૧ મુજબનું ચાર્જશીટ કરેલ છે.

(૨) ત્યારબાદ આરોપીઓને સમન્સ કરતા આરોપી નં.૧ અને ૨ હાજર રહેલ નહી જેથી તેઓ વિરૂધ્ધ સી.આર.પી. સી. કલમ–૨૯૯ મુજબ કેસ ચલાવાનો હુકમ કરવામાં આવેલ તથા આરોપી નં.૩ હાજર રહેતા તેમને ક્રિ. પ્ર ો. કો.ની કલમ ૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાતરી કર્યા બાદ આંક–૨૪ તહોમતનામું ફરમાવી,આંક– ૨૫ થી નિવેદન લેતાં આરોપી એ તેની સામેના ગુનાનો ઈન્કાર કરતાં ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવી ફરીયાદપક્ષે પુરાવો રજુ કરવા જણાવતાં ફરીયાદ પક્ષે રજુ કરેલ પુરાવો નોધ્યો.

(૩) આ કામે ફરિયાદપક્ષે રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા ફોર્મ–સી માં જણાવ્યા મુજબના છે.

(૪) ત્યારબાદ ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ મૌખિક વિનંતીથી પુરાવો બંધ કરેલ છે.

(૫) ફરિયાદપક્ષ તરફે એ.પી.પી.શ્રી.બી.આઈ.મનસુરીની અને બચાવપક્ષે વિ.વકીલ આર.એલ.ડામોર અની દલીલો સાંભળી.

(૬) ઉપરોકત હકીકત તથા પડેલ પુરાવાઓ ઉપરથી આ કેસના નિર્ણયાર્થે મારી સમક્ષ નીચે મુજબનો મુદાઓ ઉપસ્થિત થાય છે.

–:: <u>મુ દ્દા</u> ::–

| | |
|---|---|
| (૧) | શું ફરિયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે,આરોપીઓએ ગઈ તારીખ.૩૦/૧૧/૨૦૧૯ ના.ક ૧૨/૦૦ વાગે મોજે બુઢેલી પાટીયાકુવા રોડ આ કામના આરોપી દશરથ ચંદુલાલ ગામેતી તથા નેમાભાઈ નાથાભાઈ ભરાડા બન્ને રહે.કડીયાનાલા,તા.ખેરવાડા, જી.ઉદેપુરવાળાએ મોટર સાઈકલ ઉપર ગેર કાયદેસર |

| | |
|---|---|
| | વગર પાસ પરમીટે પ્લાસ્ટીકના કોથળામાં રોમન વોડકા ઓરેન્જ ફ્લેવર રાજસ્થાન માર્કાની ૭૫૦ એમ.એલની બોટલ નંગ–૧૨ ,કિ.રૂા.૬૦૦૦/–તથા ગ્રીન લેબન વ્હીસ્કી રાજસ્થાન માર્કાની ૭૫૦ એમ.એલની બોટલ નંગ–૧૨,કિ.રૂા.૬૦૦૦/–ની કુલ મળી બોટલ નંગ–૨૪ કિ.રૂા.૧૨,૦૦૦/– નો મુદામાલ તથા પલ્સર મોટર સાઈકલ જી.જે.૦૮.બીડી.૮૨૨૮ વાળીની કિ.રૂા.૩૦,૦૦૦/–નો મળી કુલ કિ.રૂા.૪૨,૦૦૦/–નો મુદ્દામાલ આરોપી નં.૪ ના ઠેકા ઉપરથી લઈને આરોપી નં.૩ ને પહોચાડવા જતા આરોપી નં.૧,૨ નાઓ મોટર સાઈકલ સાથે પકડાઈ જઈ ગુન્હો કરી,ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫,એ,ઈ,૧૧૬(બી), ૯૮ (૨),૮૧ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કર્યો છે ? |
| (૨) | શું હુકમ ? |

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

| | |
|---|---|
| (૧) | નકારમાં |
| (૨) | આખરી હુકમ મુજબ. |

(૮) મુદ્દા નં. (૧) અને (૨) :–

(૮.૧) વધુમાં,ફરીયાદપક્ષે આંક.૧૪ થી ફરીયાદી અ.હે.કો. અનિલકુમાર કમાભાઈને તપાસવામાં આવતા તેઓએ તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં એવુ જણાવેલ છે કે,ગઈ તા.૩૦/૧૧/૨૦૧૯ ના રોજ ભિલોડા પો.સ્ટે.માં ફરજ બજાવતા હતા તે વખતે અમો તથા પો.ઈ.શ્રી એમ.જી. વસાવા તથા બીજા પો.સ્ટે.ના માણસો સાથે બુઢેલી પાટીયા કુવા રોડ ઉપર વોચમાં હતા તે દરમયાન તે વખતે બાતમી મળેલ કે,એક મો.સા.ઉપર બે ઈસમો ઈગ્લીશ દારૂ લઈને આવી રહેલ છે,જેથી નજીકમાથી બે પંચો

બોલાવી મો.સા.ની વોચમાં હતા ત્યારે બાતમીવાળી મો.સા.નં.જે.જે.૦૯ . બી.ડી. ૩૨૨૮ નીકળતા હાથથી ઈશારો કરતા  મો.સા.ને ઉભુ રાખેલ અને  મો.સા.ના ચાલકને નામ પુછતા પોતે પોતાનુ નામ નેમાભાઈ નાથાભાઈ ભરાડા તથા પાછળ બેઠેલ જે ઈસમનુ નામ પુછતા પોતે પોતાનુ નામ દશરથ ચંદુલાલ ગામેતી હોવાનુ જણાવેલ.પંચો રૂબરૂ ગાડીમા તપાસ કરતા ગાડી ઉપરપ્લાસ્ટીકના કોથળામાં કુલ બોટલ નંગ–૨૪,કિ.૧૨,૦૦૦/–નો અલગ અલગ માર્કાનો મળી આવતા ગાડી તથા મુદ્દામાલ દારૂનુ વિગતવારનુ પંચનામુ સાથેના પો.ઈ. એમ.જી. વસાવાનાઓએ કરી લઈ મુદ્દામાલ કબજે લીધેલ તથા એક  બોટલ સેમ્પલ રાખી આરોપીઓ વિરુઘ્ધ વગર પાસપરમીટે વિદેશી દારૂ ભરી લાવતા હોય પો.સ્ટે.આવી ધોરણસરની ફરીયાદ અમોએ આપેલી.મને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે તમાં મારી સહી છે,જે ઓળખુ છુ જે રજુ દાખલ આંક–૧૫ આપવામા આવે છે.આરોપીને  જોયેથી  ઓળખી શકુ.કોર્ટમાં હાજર નથી.

જયારે બચાવ પક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એવુ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે,બનાવવાળી જગ્યા એ જાહેર રસ્તો આવેલો છે.એ વાત ખરી છે કે,પંચોના નામ સરનામા મારી ફરીયાદમાં જણાવેલ નથી.એ વાત ખરી નથી કે,મુદ્દામાલ બીનવારસી હાલતમાં મળી આવેલ.એ વાત ખરી નથી કે,આરોપીઓ પાસેથી કોઈ મુદ્દામાલ પકડાયેલ ન હોવા છતા ખોટી ફરીયાદ કરી ખોટી જુબાની આપુ છુ.એ વાત ખરી નથી કે, ઉપરી અધિકારીના કહેવાથી ખોટી ફરીયાદ કરેલ છે.

(૮.૨)  ત્યારબાદ આંક–૧૬ થી પંચસાહેદ નગજીભાઈ બેચરભાઈ અસારી તથા આંક–૧૯ થી ગામેતી ચીરાગભાઈ તુલસીભાઈને સોગંદ  ઉપર તપાસવામાં આવેલા છે તેઓએ સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓને આંક–૧૭ વાળા પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ

છે તે સિવાય પંચનામાની કોઈ જ હકીકતને સમર્થન આપેલ નથી. સદરહુ બંને પંચસાહેદોને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ  છે અને બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ તૈયાર લખેલા કાગળમાં  સહી કરેલ તે સિવાયની કોઈ હકીકત તેઓ જાણતા નથી.

(૮.૩) વધુમાં,ફરીયાદ પક્ષે આંક.૨૦ થી ત.ક.અ. એ.એસ.આઇ. ચંદુભાઈ ખાતુભાઈ ને તપાસવામાં આવતા તેઓએ તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં એવુ જણાવેલ છે કે,તા.૩૦/૧૧/૧૯ ના રોજ અમો ભીલોડા પો.સ્ટે.માં અ.હે.કો. તરીકે  ફરજ બજાવતા હતા તે વખતે આ કામના ફરીયાદી અ.હે.કો. અનીલભાઈ કમાભાઈ ,બ.નં.૪૧૯ નાઓએ ભીલોડા પો.સ્ટે.ગુ. ર. નં.૩૫૭/૨૦૧૯  પ્રોહી કલમ ૬૫ એઈ,૯૮(૨),૮૧ મુજબની ફરીયાદ પો.ઈ.શ્રી એમ.જી.વસાવાનાઓની રૂબરૂની પી.એસ.ઓ. અમીતાબેન કલ્પેશભાઈ બ.નં.૪૨૧ નાઓ એ ગુન્હો રજીસ્ટર કરી આગળની તપાસ અમોને સોંપેલ જે સદર ગુનાના કામે સાહેદોના નિવેદનો લેવામા આવેલ. આરોપી નં. ૧,૨ નાઓને પો.ઈ.શ્રી એમ.જી.વસાવાનાઓએ અટક કરેલ તેમજ આરોપી નં. ૩,૪ નાને અમોએ અટક કરેલ.જે આરોપી વિરૂઘ્ધ પુરતા પુરાવા હોય આરોપી વિરૂઘ્ધ ચાર્જશીટ કરી નામ. કોર્ટ મા મોકલી આપેલ.

જયારે બચાવ પક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એવુ જણાવેલ છે કે,બનાવવાળી જગ્યાએ રોડ હોવાથી ત્યા ઘણાબઘા વાહનોની અવર જવર હોય છે. એ વાત ખરી છે કે,પોલીસ સાહેદો સિવાય સ્વતંત્ર સાહેદોના નિવેદન લીઘેલ નથી.એ વાત ખરી નથી કે,મુદ્દામાલ સાથે કોઈ આરોપીને પકડેલ હોય તે  હકીકત ખોટી જણાવુ છુ. આરોપી પાસે આવો કોઈ મુદ્દામાલ મળેલ ન હોવા છતા આરોપી વિરૂઘ્ધ ખોટુ ચાર્જશીટ કરી ખોટી જુબાની આપુ છુ.

(૯)		ફરીયાદપક્ષે રજુ પુરાવો જોતાં, આ કામે પંચ સાહેદોના પુરાવા પરથી એ હકીકત ફલીત થાય છે કે, આંક–૧૭ નું પંચનામું પંચોની રુબરુ અને હાજરીમાં કરવામાં આવેલ નથી તેમજ સદર  પંચો  રુબરુ આ કામેનો મુદામાલ કબજે લેવામાં આવેલ છે તેવી હકીકત સદર પંચસાહેદના પુરાવાથી ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. આમ ફરીયાદપક્ષના કેસની હકીકત મુજબ બનાવના દિવસે આરોપી પાસેથી પોલીસે પંચો રુબરુ  મુદામાલ કબજે લીધેલાનું પુરવાર થતુ નથી કે ફરીયાદપક્ષના કેસની સઘળી હકીકતોને સમર્થન પ્રાપ્ત થતુ નથી.

(૧૦)		<u>નામ.બોમ્બે હાઈકોર્ટે સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ. ઓનકાર મનીક પાટીલ (૧૯૭૯ ક્રિ.લો.રી. મહારાષ્ટ્ર ૪૨૧)</u> ના ચુકાદામાં પ્રસ્થાપિત  કરેલ છે કે,'' જયારે પંચસાહેદ દવારા પંચનામાને સમર્થન મળતુ ન હોય તેવા સં જોગોમાં ફરીયાદીને પણ સોગંદ ઉપર તપાસવાથી ન્યાયનો હેતુ પાર પાડી શકાય નહિ.''  આમ,સદર કામે આંક–૧૭ નું પંચનામું રજુ કરવામાં આવેલ છે પરંતુ તેની હકીકતો સાબિત કરવામાં ફરીયાદપક્ષ સફળ થયેલ નથી.

(૧૧)		આ કામેના પોલીસ સાહેદોના પુરાવામાં બનાવવાળી જગ્યાએ ઘણા બધા વાહનો તથા માણસોની અવર જવર હોવાનું  રેકર્ડ ઉપર આવેલ હોવાછતાં સદર કામે તપાસ કરનાર અમલદારે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો નોંધેલ નથી અને તેમનો પુરાવો ફરીયાદ પક્ષે રજૂ કરવામાં આવેલ નથી. જેથી માત્ર પોલીસ સાહેદો ના પુરાવાનો આધાર રાખી સ્વતંત્ર સાહેદોના સમર્થનકાર પુરાવાની ગેરહાજરીમાં આંક–૧૭ થી રજૂ થયેલ પંચનામાની હકીકતો પુરવાર થઈ ગયેલ હોવાનું માની શકાય નહી.

(૧૨)		વધુમાં, <u>નામ. ગુજરાત હાઈકોર્ટના ધીરજલાલ ગાંડાભાઈ અને બીજા વિરૂઘ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૧૯૯૧(૧) જી.એલ.આર. ૪૩૩ </u>ના ચુકાદામાં નામ. ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે,  "Before a

presumption can be raised thereunder, it is necessary to establish in evidence that the sealed bottle was bearing the original label indicating the name of any known brands of spirits and also the name of its manufacture. It is clear on the record of the case that at least the condition regarding the manufacturer of the bottles in question has not fulfilled in the present case. It is, therefore, not possible to raise the presumption under the said section 116B. There is no other evidence in the case which connects the accused with the offence in question."

(૧૩) નામ.ગુજરાત હાઈકોર્ટના ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ ફરીયાદ પક્ષે એ હકીકત સાબીત કરવી પડે કે, સદર કામે કહેવાતા આક્ષેપીત જુદી જુદી બ્રાન્ડ ની ઈગ્લીસ દારૂ / બીયર ની બોટલો પકડાયેલ છે તેના પર લાગેલ સીલ તથા તેના પર લાગેલા લ ેબલ સાચા છે કે કેમ ? તે સંદર્ભે તેઓએ તપાસ કરેલ અને તેના પર તેના ઉત્પાદન કરનારનું નામ લખેલ છે તે સાચુ છે કે કેમ ? તે સંદર્ભે યોગ્ય તપાસ કરવી જોઈએ. પરંતુ સદર કામે તેવી કોઈ જ તપાસ કરેલ હોય કે તે સં દર્ભે માહીતી તથા કહેવાતી આક્ષેપીત બ્રાન્ડના ઉત્પાદકોના નિવેદનો લીધેલ હોય તેવી કોઈ જ હકીકત ફરીયાદ પક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી. સમગ્રપણે આ કામેની તપાસ જ અસ્પષ્ટ અને અધુરી તજવીજની જણાઈ આવે છે. આમ, સ્વતંત્ર અને નિષ્પક્ષ પુરાવાના સમર્થન વિહોણી પોલીસ સાહેદોની જુબાની માન્ય રાખી આરોપી વિરુધ્ધ કેસ પુરવાર થયેલો ગણી શકાય નહીં. આ કામેના તમામ પોલીસ પેપર્સ તેમજ પુરાવાઓ લક્ષમાં લેતાં આ કામેના આરોપી વિરુધ્ધ આક્ષેપીત ગુન્હો

આચરવામાં આવેલ હોવાની હકીકત સ્પષ્ટ, નિ:શંક,સ્વતંત્ર અને અસંદિગ્ધ પુરાવાથી ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી.

(૧૪) આમ, સદર કેસમાં આરોપી નં.૧, ૨ વિરૂધ્ધ ક્રિ.પ્રો.કોડની કલમ –૨૯૯ મુજબ પુરાવો નોધવામાં આવેલો હોય અને આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો આવેલ ન હોય અને ક્રિ.પ્રો.કોડની કલમ –૩૫૩(૬) મુજબ આરોપીની ગેરહાજરીમાં ચુકાદો જાહેર કરવો ન્યાયોચીત જણાઈ છે. આમ, ફરીયાદ પક્ષ નિ:શંકપણે આરોપી વિરુધ્ધનું તહોમત પુરવાર નિષ્ફળ નિવડેલ હોઈ, ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

–:: હુકમ ::–

(૧) (૧) નેમાભાઈ નાથાભાઈ ભરાડા(૨) દશરથા ચંદુલાલ ગામેતી રહે.બન્ને કડીયાનાલા,તા.ખેરવાડા.જી.ઉદેપુર રાજસ્થાન (૩) નવિનભાઈ હંસાજી ભાટ,ઉ.વ.૨૯,રહે.ભોલેશ્વર ભાટવાસ,તા.હિંમતનગર જી.સાબરકાંઠા નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૭૧ (૧) મુજબ ધી.ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫,એ,ઈ,૧૧૬(બી),૯૮(૨),૮૧ મુજબાના ગુન્હા માંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીના અગાઉના જામીન અપીલ સુમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૦૭મી માહે,એપ્રિલ સને.૨૦૨૬ના ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ:૦૭/૦૪/૨૦૨૬ (ટી.વી.પરમાર)
મુકામ: ભીલોડા એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ
ભિલોડા.
UID CODE GJ01084

// H..B.SARVAIYA //